**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૫/૧૨/૨૦૧૪ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૧૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી ૧૦૨ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૭૨ બિયર ટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૨૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં. ૩૧૨૧/૧૪**

**વટવાઃ** શુસીલાબહેન રતનસિહ પરમાર (રહે. આકૃતિ ટાઉનશીપ સોસાયટી નારોલ વટવા) એ એલજી હોસ્પીટલ ખાતે વટવા પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૨/૧૪ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પુત્ર વિરેન્દ્રસિહ એ તેની પત્નિ લતાબહેન (ઉ.વ.૨૬) ઉપર ચારીત્ર અંગેની શંકા કરી ચપ્પુ વડે ગળાના ભાગે ઘા મારી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ જે ચૌધરી ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં. ૩૧૨૨/૧૪**

**અમરાઈવાડીઃ (૧)** કનૈયાલાલ મુન્નાલાલ (રહે. બલરામભાઈની ચાલી મોદીનગરની બાજુમાં કર્ણાવતીનગર ફ્લેટ હાટકેશ્વર અમરાઈવાડી) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૧૪ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી કાજલબહેન (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ વી રાજગોર ચલાવે છે.

**(૨)** રામાવતીબહેન લાબુભાઈ યાદવ (રહે. બલરામભાઈની ચાલી મોદીનગરની બાજુમાં કર્ણાવતીનગર ફ્લેટ હાટકેશ્વર અમરાઈવાડી) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૧૪ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી સોનુબહેન (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ વી રાજગોર ચલાવે છે.

**રામોલઃ** સાલુબહેન રાજેન્દ્રપ્રસાદ શર્મા (ઉ.વ.૧૫)(રહે. વકીલવાડી દુર્ગાનગરની ચાલી જામફળવાડી રામોલ) ને તા.૨૨/૧૨/૧૪ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સ્કૂલ રિક્ષા ડ્રાયવર અજય લખાજી ઠાકોર (રહે.પાણીની ટાંકી સામે જામફળવાડી રામોલ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સાલુબહેનના પિતા રાજેન્દ્રપ્રસાદ શર્માએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી આઈ સોલંકી ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૧૨૩/૧૪</u>**

**બાપુનગર :** રામનીવાસ હરપાલ ચૌધરી (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ નવા બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૧૪ રાતના ૧૦/૦૦ થી તા.૨૪/૧૨/૧૪ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીક રહેતા પોતાના પુત્ર પપ્પુભાઈના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરી માંથી (૧) સોનાના મંગળસુત્ર નંગ-૨ કિમત રૂપિયા ૨૨,૦૦૦/- (૨) સોનાની ચેઈન નંગ-૩ કિમત રૂપિયા ૩૩,૦૦૦/- (૩) સોનાના ગળામાં પહેરવાના લોકેટ નંગ-૫ કિમત રૂપિયા ૨૭,૫૦૦/- અને (૪) સોનાની વીંટી નંગ-૬ કિમત રૂપિયા ૧૬,૫૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૯૯,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી ડી પરમાર ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૧૨૪/૧૪</u>**

**નારણપુરા :** કલ્પેશકુમાર રમણલાલ શાહ (રહે. વાસુપુજ્ય અંકુર સોસા.વિભાગ-૨ ની બાજુમાં અંકુર રોડ નારણપુરા) એ તા.૧૯/૧૨/૧૪ રાતના ૯/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની વેગનઆર કાર નંબર જીજે ૧૮ એબી ૫૫૧૪ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૧/૧૨/૧૪ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ કલ્પેશકુમાર શાહે તા.૨૪/૧૨/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એલ પારઘી ચલાવે છે.

**મણીનગર :** કમરૂઈસ્લામ મહમદઅકબર પઠાણ (રહે.અલોકનગર કેનાલ પાસે વટવા) એ તા.૨૨/૧૨/૧૪ કલાક ૯/૩૦ વાગે મણીનગર એલજી હોસ્પીટલના બંધ દરવાજા નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ સીટી ૯૮૧૩ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ કમરૂઈસ્લામ પઠાણે તા.૨૩/૧૨/૧૪ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ બારીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.